દાખલ કર્યા તારીખ : ૧૮/૧૨/૨૦૨૪
રજી. લીધા તારીખ : ૧૮/૧૨/૨૦૨૪
ફેંસલ કર્યા તારીખ : ૧૮/૦૩/૨૦૨૬

**ઝઘડીયાના મહે. એડીશનલ સિવિલ જજ સાહેબશ્રીની કોર્ટમાં, મું. ઝઘડીયા**

દિ.કે.નં.૧૪૮/૨૦૨૪
આંકઃ–

દક્ષિણ ગુજરાત વીજ કંપની લીમીટેડ,
વર્તુળ કચેરી, સબ ડીવીઝન ઝઘડીયા,
તા. ઝઘડીયા,જી.ભરૂચ. ..........વાદી.

**વિરૂધ્ધ**

(૧) નગીનભાઈ મંગાભાઈ વસાવા,
રહે.સરદારપુરા,તા.ઝઘડીયા,જી.ભરૂચ. .........પ્રતિવાદી.

બાબતઃ દાવો **:–૧૦,૩૨૪–૬૭** પૈસા વસુલ લેવાનો

---

વાદી તરફે વિ.વ.શ્રી. આર.સી.પરમાર
પ્રતિવાદી તરફે એકતરફી

---

૧. આ કામે વાદીના દાવાની ટૂંકમા હકીકત એવી છે કે, વાદી કંપનીની વર્તુળ કચેરી નાના વરાછા રોડ કાપોદ્રા અને સબ ડીવીઝન ઓફીસ ઝઘડીયા મુકામે આવેલ છે. આ કામના પ્રતિવાદી વાદી કંપનીના ગ્રાહક નથી. વાદી કંપનીના અધિકારીઓ ગઈ તા.૩૦/૧૨/૨૦૨૨ ના રોજ પ્રતિવાદીના ઘરનુ વીજ ચેકીગ કરતા પ્રતિવાદી વીજ ચેકીગવાળા જગ્યામાં વીજ જોડાણ ધરાવતા ન હોવા છતા વાદી કંપનીની હળવા દબાણની લાઈન પરથી ગેરકાયદેસર વીજ જોડાણ કરી ગેરકાયદેસર વીજ વપરાશ કરતા માલુમ પડેલ જેથી સ્થળ પર વાદી અધિકારીએ તપાસણી અહેવાલ તથા રોજકામ કરી વાયર કબજે કરેલ. આ

કામના પ્રતિવાદી વીજચોરી કરતા પકડાયેલ તેથી વીજળી અધિનિયમ–૨૦૦૩ ની કલમ–૧૩૫ મુજબ વીજચોરીના બીલની રકમ તથા ગુન્હો માંડવાળની રકમ અલગથી ભરી જવા પત્રરૂપી નોટીસ આપેલ. આમ, છતા પ્રતિવાદીએ બીલની રકમ ભરપાઈ કરેલ નથી. આ કામના પ્રતિવાદી વિરુધ્ધ વીજચોરીની ફરીયાદ આપેલ છે. આ કામના પ્રતિવાદીને વીજચોરીના બીલની રકમ વસુલ આપી જવા લીગલ નોટીસ આપેલ. તેમ છતા આ કામના પ્રતિવાદીએ બીલની રકમ વસુલ આવેલ નથી. જેથી વાદી કંપનીના વીજચોરીની બીલની રકમ રૂા.**૮,૧૭૪–૨૪** પૈસા તથા ડીલે પેમેન્ટ ચાર્જના રૂા.**૨૧૫૦–૪૩** પૈસા મળી કુલ રકમ રૂા.**૧૦,૩૨૪–૬૭** પૈસા આ કામના પ્રતિવાદી પાસે બાકી લેણા રહે છે. આ કામના પ્રતિવાદી પાસેથી વીજચોરીની દાવા અરજીમાં જણાવ્યા મુજબની બીલ રકમ આ કામના પ્રતિવાદી પાસેથી દાવાની તારીખથી **૧૮** ટકાના ચડતા વ્યાજ તથા દાવાના ખર્ચ સહિત વાદી કંપનીના લાભમાં અને પ્રતિવાદી વિરુધ્ધમાં પ્રતિવાદીની હરેક પ્રકારની જાત તથા મિલકતથી વસુલ કરી શકાય તેવુ હુકમનામુ કરી આપવા અરજ કરેલ છે.

૨. સદર કામે પ્રતિવાદી વિરુધ્ધ સમન્સ કાઢવામાં આવતા, દાવા સમન્સની ધોરણસરની બજવણી પ્રતિવાદી ઉપર થયેલ છે, પરંતુ પ્રતિવાદી હાજર ન રહેતા, આંક–૧૧ નીચે હુકમ કરી પ્રતિવાદી વિરુધ્ધ હાલની કાર્યવાહી એકતરફીમાં ચલાવવાનો હુકમ કરવામાં આવેલ છે.

૩. આ કામે વાદી તથા પ્રતિવાદી તર્ફે નીચે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવા રજુ થયેલ છે.

વાદી તરફે રજુ થયેલા મૌખિક તથા દસ્તાવેજી પુરાવા

**મૌખિક પુરાવા :–**

(૧) આંક–૧૬ થી વાદી અધિકારી ઉમેશ બચુસીગનું પુરાવાનું સોગંદનામું.

**દસ્તાવેજી પુરાવાઃ–**

(૧) આંક–૨૦ થી પ્રફોર્મા નં.૧૨ ની ખરી નકલ

(૨) આંક–૨૧ થી ડી.પી.સી કેલ્કયુલેશન શીટની ખરી નકલ

(૩) આંક–૨૨ થી નોટીસ

(૪) આંક–૨૩ થી એનેક્ષર જી

(૫) આંક–૨૪ થી વીજ ચોરીના બિલની ખરી નકલ

(૬) આંક–૨૫ થી એનેક્ષર–એ–૨ ની ખરી નકલ

(૭) આંક–૨૬ થી નોટીસ

(૮) આંક–૨૭ થી પોસ્ટ ખાતાની એકનોલેજમેન્ટ સ્લીપ

ઉપરોકત પુરાવા સિવાય અન્ય કોઈ પુરાવા વાદી તરફે રજુ કરવામાં આવેલ નથી તેમજ આંક–૨૮ થી કલોજીગ પુરશીશ રજુ કરવામા આવેલ છે.

૪. ઉપરોકત વિગતે દાવાના આખરી નિર્ણય માટે નીચે મુજબના મુદાઓ આંક–૧૨ થી ઘડેલા છે.

**// મુદા //**

| | |
|---|---|
| **1** | **Whether the plaintiff proves that the plaintiff is entitled to recover Rs. 10,324.67/- as an Energy charge from the defendant?** |
| **2** | **Whether the plaintiff is entitled to get interest? If Yes, at What Rate?** |
| **3** | **Whether the plaintiff proves that the plaintiff is entitled for the relief as sought in the suit?** |
| **4** | **What order and decree?** |

૫. ઉપરોકત મુદાના મારા નિર્ણય નીચે મુજબ છે.

(૧) હકારમાં

(૨) હા, આખરી હુકમ મુજબ

(૩) અંશતઃ હકારમાં

(૪) આખરી હુકમ મુજબ

૬. ઉપરોકત નિર્ણયના મારા કારણો નીચે મુજબ છે.

**// કારણો //**

**મુદા નં.૧**

આ કામમાં વાદી તરફે વાદી **ઉમેશ બચુસીગનું** સરતપાસનું પુરાવાનું સોગંદનામું **આંક–૧૬** થી રજૂ રાખેલ છે. જેમાં સાહેદે આંક–૦૧ની દાવા અરજીમાં જણાવેલ તમામ હકીકતો મુજબની હકીકતો જણાવેલ છે. સાહેદે પોતાના પુરાવામાં ઉપરોકત પેરા–૩ માં જણાવ્યા મુજબના દસ્તાવેજી પુરાવા અનુક્રમે **આંક–૨૦ થી આંક–૨૭** સુધી રજુ રાખેલ છે. વાદી સંસ્થાએ લીગલ નોટીસ મોકલેલ છતા વીજ ચોરીના બીલની રકમ નહી ભરતા વાદીએ દાવો કરેલાનું પુરાવો આપેલ છે. જે દસ્તાવેજી પુરાવા કે મૌખિક પુરાવાનું ખંડન કરતો કોઈ પૂરાવો પ્રતિવાદી તરફે રજુ કરેલ નથી. કે દાવા અરજીની હકીકતોનું ખંડન કરતો દાવા જવાબ પણ પ્રતિવાદીએ રજુ કરી તે મુજબનો પુરાવો રજુ

કરેલ નથી. વાદી સંસ્થા એ પબ્લિક એટ લાર્જના સિધ્ધાંતના ધ્યાને લઈ કામ કરતી બોડી હોય, ચેકીંગ સ્કવોડના અધિકારીને પ્રતિવાદી સાથે કોઈ લેવા દેવા ના હોય યુકિત–પ્રયુકિત કરી ખોટા દસ્તાવેજી પુરાવા પ્રતિવાદી સામે ઉભા કરી પ્રતિવાદી સામે ખોટો દાવો કરી દાવાના સમર્થનમાં ખોટો પુરાવો આપેલ હોય તેવું માની શકાય નહી. તેવા સંજોગોમાં પ્રતિવાદીએ વીટનેશ બોક્ષમાં આવી જુબાની આપી ખંડનાત્મક પુરાવો અદાલત સમક્ષ આપેલ ન હોય, ત્યારે જી.સી.ડી. ૧૯૯૯(૨) માણેકરાવ વિ. વિધાધારા ના કેસમાં નામદાર સુપ્રિમકોર્ટે પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત ધ્યાને લેતા ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૧૧૪ અન્વયે અદાલત પ્રતિવાદી વિરુધ્ધ યોગ્ય અનુમાન કરી શકાય તેવા તારણ ઉપર આવે છે. જેથી મુદા નં. ૧ નો નિર્ણય હકારમાં ઠરાવવામાં આવે છે.

**<u>મુદા નં.૨</u>**

આ કામે વાદી સંસ્થા દ્વારા વીજ ચોરીના બીલની રકમ તથા ડી.પી.સી. ચાર્જની રકમની **૧૮ %** ના વ્યાજ સહિત માંગણી કરેલ છે પંરતુ વાદી સંસ્થા આવો વ્યાજનો દર કઈ રીતે મેળવવા હકકદાર છે તે સંબંધી કોઈ આધાર પુરાવા રજુ કરેલ નથી. પરંતુ વાદીના પુરાવાનું ખંડન કરતો પ્રતિવાદીએ કોઈ ખંડનાત્મક દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી કે પુરાવાનું ખંડન કરવા પ્રતિવાદી અદાલત સમક્ષ પોતાનો મૌખિક પુરાવો રજુ કરવા હાજર રહેલ ન હોય વાદી સંસ્થા ડી.પી.સી.ની રકમ મેળવવા હકકદાર બને છે. પ્રતિવાદી બાકી લેણાની રકમ–**૧૮** ટકા વ્યાજ તથા ડી.પી. સી. ની રકમ ચૂકવી આપે તેવી માં ગણી કરેલ છે. પરતું વાદી સંસ્થાએ જાહેર જનતાના વિશાળ હિતમાં કામ કરતી હોય, દિવાની કાર્યરીતી સંહિતા,૧૯૦૮ ની કલમ–૩૪ ને ધ્યાને રાખીને દાવા દાખલ તારીખથી વાર્ષિક **૦૬** ટકાના સાદા વ્યાજ સંબંધી હુકમ કરવો ઉચિત જણાતો હોય, આમ જયારે મુદા નં. ૧ વાદીની તરફેણમાં પુરવાર કરવામાં સફળ રહેલ છે ત્યારે તથા પ્રતિવાદી ધ્વારા યોગ્ય વાજબી બચાવની તક મળવા છતા પોતાનો પક્ષ રજુ રાખવામાં કે સાબીતીનો બોજો વાદીના શીરે તબદીલ કરવામાં કોઈ પ્રયત્ન કરેલ નથી ત્યારે આવા સંજોગોમાં વાદી મુદા નં.૧ પોતાની તરફેણમાં પુરવાર કરવા સફળ નિવડેલ હોય માંગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર હોવાનું જણાઈ આવે છે. જેથી મુદા નં. ૨ નો નિર્ણય આખરી હુકમ મુજબ તેમજ મુદા નં.૩ નો નિર્ણય અંશતઃ હકારમા ઠરાવી મુદા નં.૪ અંગે ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ ફરમાવવામાં આવે છે.

**<u>//હુ ક મ//</u>**

(૧) વાદીનો દાવો આથી અંશતઃ મંજુર કરવામાં આવે છે.

(૨) પ્રતિવાદીને આથી એવો આદેશ કરવામાં આવે છે કે, વાદી વીજ કંપનીને વીજચોરીના બીલની રકમ રૂા.૮,૧૭૪–૨૪ પૈસા (અંકે રૂપિયા આઠ હજાર એકસો ચુંબોતેર અને

ચોવીસ પૈસા પુરા) તથા ડી.પી.સી.ની રકમ રૂા.૨૧૫૦–૪૩ પૈસા પુરા(અંકે રૂપિયા બે હજાર એકસો પચ્ચાસ અને તેતાળીસ પૈસા પુરા) એમ કુલ રૂા.૧૦,૩૨૪–૬૭ પૈસા (અંકે રૂપિયા દસ હજાર ત્રણસો ચોવીસ અને સડસઠ પૈસા પુરા) વાર્ષિક ૦૬ ટકાના વ્યાજથી દાવા દાખલ તારીખથી વસુલ થતાં સુધી મેળવવા હકકદાર હોવાનું ઠરાવવામાં આવે છે તેમજ જો પ્રતિવાદી ઉપરોકત રકમ ચૂકવવામાં નિષ્ફળ નિવડે તો વાદી સંસ્થા આ રકમ પ્રતિવાદીની હરેક પ્રકારની જાત તથા મિલકતથી વસુલ કરી શકશે.

(૩) દાવાનો ખર્ચ જે તે પક્ષકારોએ ભોગવવાનો રહેશે.

(૪) હુકમ મુજબ હુકમનામું દોરવું.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

ઝઘડીયા

તારીખ:૧૮/૦૩/૨૦૨૬

( જયવીરસિંહ રાઠોડ )
એડીશનલ સિવિલ જજ
ઝઘડીયા
**(જજ કોડ–જીજે૦૧૬૯૫)**